15/04/24



GJDW050013432023

# રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૪૧/૨૦૨૩.

---

## ::- સિવિલ પ્રોસીજર કોડ-૧૯૦૮ નાં ઓર્ડર-૩૯, રૂલ-૧, ૨ તથા કલમ-૧૫૧ મુજબ કામચલાઉ મનાઈ હુકમ મળવા અંગેની વાદીની -:: આંક-૫ ની અરજી લગત હુકમ ::-

---

૧. વાદીએ પ્રતિવાદી વિરુધ્ધ ડેકલેરેશન અને કાયમી મનાઈ હુકમ મેળવવા માટે હાલનો દાવો કરેલ છે, જેની સાથે સિવિલ પ્રોસીજર કોડ, ઓર્ડર- ૩૯, રૂલ-૧, ૨ તથા કલમ-૧૫૧ અન્વયે આંક-૫ ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટેની અરજીના પેરેગ્રાફ નં. ૬ માં લખ્યા મુજબની દાદ પ્રતિવાદીની વિરુધ્ધમાં માંગેલ છે.

૨. વાદીએ સદરહું દાવો તથા મનાઈ અરજી દાખલ કરતાં પ્રતિવાદી વિરુધ્ધ દાવાનો સમન્સ તથા મનાઈ અરજીની નોટિસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ, જે અન્વયે પ્રતિવાદીને સમન્સ તેમજ નોટિસોની ધારા ધોરણસરની બજવણી થયેલ, જે અન્વયે પ્રતિવાદી તથા તેમના વિદ્વાન વકીલ શ્રી હાજર થયેલા અને તેમનો આંક- ૧૦ થી લેખિતમાં જવાબ રજૂ રાખેલ છે, જેમા વાદીનાં દાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, વાદીએ બેન્કમાં અવેજનો ચેક નાંખેલ નથી અને તા. ૧૭/૦૨/૨૩ ના રોજ બીજી વ્યકિત સાથે લગ્ન કરેલ છે તેમજ સીટી સર્વે કચેરીમાં તેઓને સાંભળ્યા વગર નોંધ કરવામા આવેલ છે.

૩. ત્યાર બાદ વાદી પક્ષ તરફે તેમના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા આંક-૧૧ થી લેખિત દલીલો રજૂ કરવા આવેલી છે અને તેમા લખ્યા મુજબની રજૂઆતો કરેલી છે. વિશેષમાં એવી રજૂઆતો કરી જણાવેલ છે કે સદર દસ્તાવેજની નોંધ સીટી સર્વ સુપ્રિટેન્ટન્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ છે તેમજ વાદીએ કેસના દસ્તાવેજમાં જણાવેલ ચેકમાં સહી કરીને પરત આપેલ નથી કે અવેજની રકમ ચુકવેલ નથી. જેથી હાલની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે. વાદી તરફે નીચે મુજબનો નામદાર. સર્વોચ્ચ અદાલતનો ચુકાદો રજુ રાખવામાં આવેલ છે. તે અત્રેની અદાલત દ્વારા વંચાણે લેવામાં આવેલ છે તથા તેમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવેલ છે.

૧.CASE NO. Appeal (civil) 6792 of 2004 PETITIONER Maharwal khewaji trust( Regd),RESPONDENT Baldev Dass DATE OF JUDGMENT: 15/10/2004

2. Mukesh kanabhai Dangar vs Rajen Divyakant Shah R/ appeal from order no.58/2022 d.03/08/2022

૪. ત્યાર બાદ પ્રતિવાદી પક્ષ તરફે તેમના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા આંક-૧૫ થી લેખિત દલીલો રજૂ કરવામાં આવેલી છે અને તેમા લખ્યા મુજબની રજૂઆતો કરેલી છે. વિશેષમાં એવી રજૂઆતો કરેલી છે ~~અને વિશેષમાં જણાવેલ છે~~ કે, વાદી~~એ~~ આપેલ ચેક વાદીએ બેંકમાં નાંખેલ નથી અને તેમની જાણ બહાર તા.૧૭-૦૨-૨૦૨૩ નાં રોજ વાદીએ બીજા લગ્ન કરી લીધેલ છે. જેથી હાલનો દાવો દાખલ કરવા તે સક્ષમ નથી.જેથી હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

પ્રતિવાદીએ તેમની દલીલોનાં સમર્થનમાં નીચે મુજબનાં નામદાર વડી અદાલતનાં ચુકાદાઓ રજુ રાખેલ છે. જે અત્રેની અદાલત દ્વારા નમ્રપણે વંચાણે લીધેલ છે તેમજ તેમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લીધેલ છે.

1. GOVINDBHAI KESHAVLAL THAKKER V. SAMASTA

LUHANA GNATI REGD.TRUST & ORS reported GLR 2001(3) 2740
2. SHARDABEN VS. THAKORBHAI ASHABHAI PATEL reported (2015) 1 GLR 433

૫. સદરહું વાદી દ્વારા કરવામાં આવેલ કામચલાઉ મનાઈ હુકમની અરજીનાં ન્યાયિક નિર્ણયો માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**::- મુ દ્દા ઓ -::**

**(૧) શું વાદી સાબિત કરે છે કે, વાદીનો પ્રથમ દર્શનિય કેસ છે ?**

**(૨) શું વાદી સાબિત કરે છે કે, સગવડતા અને અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?**

**(૩) શું વાદી સાબિત કરે છે કે, જો મનાઈ હુકમ આપવામાં ના આવે, તો વાદીને નાણાંથી પણ ભરપાઈ ના થઈ શકે, તેવુ આર્થિક નુકશાન થવાની સંભાવનાઓ રહેલી છે ?**

**(૪) શું હુકમ ?**

૬. ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**::- નિ ર્ણ યો -::**

(૧). અંશત: હકારમાં.

(૨) અંશત: હકારમાં.

(૩) અંશત: હકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

૭. ઉપરોક્ત મુદ્દાઓ અંગેનાં મારા ન્યાયિક નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે.

**::– કા ર ણો –::**

**મુદ્દા નં. ૧ થી ૩:–**

૮. સદર કામે મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય એકની એક હકીકતોનું વારંવાર પુનરાવર્તન કરવું ના પડે તેટલા માત્ર હેતુથી તેમની અહીંયા સંયુકત ચર્ચા કરવામા આવેલ છે. સદર હકીકતો રેકર્ડ ઉપર હોય, એકની એક હકીકતોનું પુન:રાવર્તન ન થાય, તે હેતુસર સુવિધા ખાતર અહીંયા ફરીથી વાદીની દાવા અરજીનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. વાદીની હાલની અરજી વાદગ્રસ્ત દસ્તાવેજ નંબર ૨૨૮ કે જે તા.૨૫–૦૧–૨૦૨૩ નાં રોજ કરેલ હતી. તે વેચાણ દસ્તાવેજમાં જણાવેલ અવેજની રકમ પ્રતિવાદીઓએ તેમને ચુકવેલ ન હોય વચગાળાો મનાઈ હુકમ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છેજે સંબંધે માર્ક–૩/૩ વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતાં તેમા જણાવેલ છે કે જે સ્થાવર મિલ્કતનો પ્રત્યેક રીતે ખાલી કબ્જો લખી આપનારે લખી લેનારને સોંપી આપેલ છે, જે તમો લખી લેનારએ જોઈ, તપાસી સંભાળી લીધેલ છે. આમ વાદગ્રસ્ત મિલ્કતનો કબ્જો ભોગવટો પ્રતિવાદી ભોગવી રહેલ છે તેમ સાબીત થાય છે તેમજ સદર દસ્તાવેજમાં જણાવેલ છે કે ચેક નં. ૩૫૪૬૧૯ ભારતીય સ્ટેટ બેન્ક દ્વારકા શાખાનો તા.૨૫–૦૧–૨૩ નાં રોજનો તમો લખી લેનાર તરફથી લખી આપનારને મળી ગયેલ છે. જે લખી આપનારે જોઈ તપાસી અને સંભાળી લીધેલ છે.આમ વાદગ્રસ્ત અવેજની રકમનો ચેક વાદીને મળી ગયેલ છે અને તેમને જોઈ તપાસી સંભાળી લીધેલ છે તે હકીકત સાબીત થાય છે. પરંતુ સદર ચેક બેન્કમાં ભરવામાં આવેલ નથી તે વાદી અને પ્રતિવાદીની લેખિત દલીલો ધ્યાને લેતાં સ્પષ્ટ થાય છે એટલે કે અવેજની રકમ (અંકે રૂા.સાડા ત્રણ લાખ પુરાં). વાદીના બેન્ક ખાતામાં જમા થયેલ નથી તેમજ પ્રતિવાદી તરફે માર્ક– ૧૪/૩ અને ૧૪/૪ થી સોગંદનામું રજુ રાખવામાં આવેલ છે.જે ધ્યાને લેતાં પણ એ હકીકત સ્પષ્ટ થાય છે કે વાદગ્રસ્ત ચેક

વાદીને મળી ગયેલ છે તેમજ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ધ્વારકાના વેચાણની નોંધ નં. ૭૮૪૭ અને ૭૮૪૮ નામંજુર કરેલ વાદગ્રસ્ત દસ્તાવેજોની નોંધ પ્રોપર્ટી કાર્ડમાં કરેલ નથી અને તેમા જણાવ્યા પ્રમાણે અવેજની રકમ વાદીને મળેલ નથી જે ધ્યાને લેતાં અવેજની રકમ વાદીના બેન્ક ખાતામાં જમા થયેલ નથી તે હકીકત સ્પષ્ટ થાય છે. વાદી પોતાની દલીલનાં સમર્થનમાં નામદા વડી અદાલતનો ચુકાદો **મુકેશ કાનાભાઈ ડાંગર વિ.રાજેશન દિવ્યકાંત શાહનો ચુકાદો તા.૦૩–૦૮–૨૦૨૨** નાં રોજનો રજુ રાખવામાં આવેલ છે. જેમા એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે અવેજ સિવાયનાં કોઈ દસ્તાવેજ કરવામાં આવેલ હોય ત્યારે તે સેલ ડીડ ગણી શકાય નહી. આમ સદર ચુકાદો વાદીને મદદરૂપ થાય તેમ છે તેમ આ અદાલતનું અતિ નમ્રપણે માનવું છે.વધુમાં વાદી તરફે નામ. સર્વોચ્ચ અદાલતનો ચુકાદો. CASE NO. Appeal (civil) 6792 of 2004 PETITIONER Maharwal khewaji trust( Regd),RESPONDENT Baldev Dass DATE OF JUDGMENT: 15/10/2004 જેમા નામ. સર્વોચ્ચ અદાલતનો એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન પ્રોપર્ટી ટ્રાન્સફર કરવાથી થાય તેમ હોય અને વધુમાં દાવાદુવી થવાની શકયતા હોય તેવા સંજોગોમાં મનાઈ હુકમ આપવો જોઈએ.હાથ પરનાં કેસમાં પણ મનાઈ હુકમ આપવામાં આવે તો વાદીને નુકશાન થાય તેમ છે. જે સંબંધે ઉપરોકત ચુકાદો વાદીને મદદરૂપ થાય તેમ છે તેમ આ અદાલતનું અતિ નમ્રપણે માનવું છે. સદર કામે પ્રતિવાદી તરફે દલીલ કરી ને જણાવેલ છે કે પ્રતિવાદી તથા તેના કુટુંબના કોઈ સભ્યોને જાણ વગર બીજી વ્યકિત સાથે વાદીએ લગ્ન કરી લીધેલ છે જેના કારણે સોગંદનામાના આધારે મિલ્કતનો પ્રતિવાદીએ જમીનોમાં કરેલ ખર્ચ આપવો ન પડે તે હેતુથી હાલનો દાવો કરેલ છે. પરંતુ આ સંબંધે પ્રતિવાદી તરફે વાદીનાં બીજા લગ્નનું સર્ટીફીકેટની નકલ રજુ રાખવામાં આવેલ હોય તેમજ સદર હકીકત વિરુધ્ધનો પુરાવો લીધા સિવાયનકકી કરી શકાય તેમ નથી તેમ આ અદાલતનું અતિ નમ્રપણે માનવું છે. **પ્રતિવાદી તરફે નામ.વડી અદાલતનો ચુકાદો ગોવિંદ કેશવલાલ ઠકકર વિરુધ્ધ સમસ્ત લુહાણા જ્ઞાતિ ટ્રસ્ટ પ્રસ્થાપિત જી.એલ.આર(૨૦૦૧)(૩) ૨૭૪૦ મૌ** એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે વચગાળાના મનાઈ હુકમ ધ્વારા વાદગ્રસ્ત મીલકતમાં પ્રતિવાદીને પ્રવેશ કરતા અટકાવવામાં આવે તો દાવાનો ત્વરીત નિકાલ થઈ જાય તેમ છે. દાવા નો આખરી નિકાલ થઈ જાય છે.સદર

કામે વાદગ્રસ્ત દસ્તાવેજ ધ્વારા વાદગ્રસ્ત મિલ્કતમાં પ્રતિવાદીનો કબ્જો ભોગવટો છે જે હકીકત ધ્યાને લેતા તેમની મિલ્કતનો ઉપયોગ કરતા અટકાવવા ન્યાયોચિત જણાતું નથી. આમ ઉપરોકત ચુકાદો પ્રતિવાદીને મદદરૂપ થાય છે તેમ આ અદાલતનું અતિ નમ્રપણે માનવું છે.

વધુમાં પ્રતિવાદી તરફે નામદાર વડી અદાલતનો ચુકાદો શ્રધ્ધાબેન વિરુધ્ધ ઠાકોરભાઈ આશાભાઈ પટેલ પ્રસિધ્ધ ૨૦૧૫ (૧) જી.એલ.આર.૪૩૩ માં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલછે કે દાવામાં કોઝ ઓફ એકશન સમાયેલું હોય તો દાવો થઈ શકે છે,નહીંતર નહી. તેમજ સદર ચુકાદામાં સ્પેશીફીક પરફોર્મેન્સ ની દાદની માંગણી કરવામાં આવેલ ન હતી. હાથ ઉપરના કેસ ની હકીકત સદર ચુકાદા થી અલગ અલગ હોય તેમજ દાવામાં કોઝ ઓફ એકશન સમાયેલું છે. જેથી હાથ ઉપરનો ચુકાદો પ્રતિવાદીને મદદરૂપ થઈ શકે તેમ નથી. આમ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે, કારણ કે બંને પક્ષકારો વચ્ચે વાદગ્રસ્ત મિલ્કત અંગેનો રજીસ્ટર દસ્તાવેજ કરવામાં આવેલ છે.પરંતુ અવેજની રકમ વાદીને મળેલ નથી તેમજ વાદગ્રસ્ત મિલ્કતનો કબ્જો ભોગવટો પ્રતિવાદી ધરાવી રહેલ છે જે હકીકત ધ્યાને લેતાં સગવડતા અને અગવડતા બંનેનું પલ્લું બંને પક્ષકારોની તરફેણમાં છે તેમજ માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંમા ભરપાઈ ન શકે તેવું નુકશાન થવાની શકયતા રહેલ છે.આમ મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ અંશત: હકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>::- હુ ક મ -::</u>**

૧. વાદીની હાલની આંક-૫ ની અરજી આથી '' અંશત: મંજૂર '' કરવામાં આવે છે.

૨. સદર દાવાનાં કામે શેડયુલ-'' અ'' વાળી મિલ્કતનો સદર દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી બંને પક્ષકારોએ યથાવત પરિસ્થિતિ જાળવી રાખવી અને વાદગ્રસ્ત મિલ્કતનો કોઈપણ પ્રકારે નિકાલ કરે,કરાવે નહી તેવો વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

૩. સદર અરજીનો ખર્ચ દાવાનાં આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કરવામાં આવ્યો.

સ્થળ: દ્વારકા,
તા.15/05/૨૦૨૪

( કેયુર કીરીટભાઈ પટેલ)
એડીશ્નલ સિનિયર સિવિલ જજ,
દ્વારકા.
(JUDGE CODE NO.GJ00950)

વાદીના વકીલ